

November 2022 | Issue No. 35 | A monthly newsletter

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા 3 પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

.



*શિયાળાની મીઠી સવારમાં કસરતની સાથે મસ્તી*

# ધૈર્ય અને હકારાત્મક દ્રષ્ટીકોણે અપાવ્યું કલાત્મક પરિણામ







હસતો ચહેરો, આંખોમાં ચમક અને હાથમાં ગણપતિ ની મૂર્તિને એક મિનીટ પણ દુર ન કરતો આર્યન શાંત ચિતે વાતો સાંભળી રહ્યો હતો. આ સ્થિતિ પાંચ વર્ષની મહેનતનું પરિણામ હતી. શરૂઆતમાં આર્યનને એક જગ્યા પર બેસાડવું મોટું પડકાર તેના પરિવાર માટે હતું.

આર્યનને માનસિક વિકલાંગતા છે એ વાતની જાણ જયારે પરિવારને થઇ ત્યારે વિવિધ ડોકટરને મળ્યા. દવા લીધી. પરિણામ ન દેખાય તો ફરી નવા ડોકટરની સલાહ લેતા. સમય જતા ડોકટરે સ્પષ્ટ કર્યું કે, દવા ની સાથે તેને પ્રવૃતિમાં જેટલો વ્યસ્ત રાખશો એ એમના માટે ખુબ જ ફાયદાકારક સાબિત થશે. કારણ કે આર્યન આકમક હતો અને ખુબ જ ચંચળ. એને એક જગ્યા પર બેસાડી રાખવો જાણે અશક્ય બની ગયું હતું.

ડોકટરની દવા અને સલાહ પછી ઘરમાં તો માતા પિતા એ જ દિશામાં  પ્રયાસ કરે. પરંતુ જ્યાં સુધી તે અન્ય બાળકો કે લોકો સાથે નહિ રહે તો તે ઘણું બધું શીખી નહિ શકે. પરંતુ આજુબાજુ નાં લોકો થી હકારાત્મક પ્રતિસાદ મળવો જોઈએ તે ન મળતા ઘરમાં જ તેને રાખવામાં આવ્યું. સમય જતા તેનું શાળામાં એડમીશન માટે પ્રક્રિયા કરવામાં આવી. ફરી પરિવારને આશા હતી કે, બીજા બાળકો સાથે રમશે, રહેશે અને શાળાની પ્રવૃત્તિ માં ભાગ લેશે તો ચોક્કસ આર્યનની સ્થિતિ બદલશે. પરંતુ એ આશા પર પાણી ફરી વળ્યું. એક સમયે શાળાના શિક્ષકે કહી દીધું કે, અહી તે કશું જ શીખી શકતો નથી. અહી મોકલવાનો કોઇ ફાયદો નથી. હતાશ થઈને તેમના પિતાએ શિક્ષિકા બહેનને પૂછ્યું કે,  એવી કોઇ શાળા ખરી કે , જે મારા બાળકને સાચવે. અને પ્રવૃત્તિ કરાવે ? ત્યારે જ શાળાના શિક્ષક દ્વારા તેમને પ્રભાત સેન્ટરની માહિતી મળી. સેન્ટર ની મુલાકાત લીધી. ત્યાનું વાતાવરણ અને શિક્ષકોની ટીમે ફરી તેમને એક આશાનો સંચાર પૂર્યો.

આ આશાનો સંચાર પૂર્ણ કરવા જાણે પ્રભાતની ટીમે કમર કસી હતી. તેની બૌદ્ધિક ક્ષમતાને ચકાસવામાં આવી અને તેના આધારે તેના ગોલ નિશ્ચિત કરવામાં આવ્યા. ધીરે ધીરે અપેક્ષિત પરિણામ તરફ આગળ વધતું જણાયું. આર્યન એક જગ્યા પર શાંત બેસવા લાગ્યો. થોડું નહિ પણ કલાકો સુધી. તે પોતાની દૈનિક ક્રિયાઓને કરવા સક્ષમ બન્યો.

આજે પાંચ વર્ષ પછી તેની પ્રગતિ માટે તેમના પિતા કહે છે કે, '' પૈસા આપતા પણ જે શાળા તરફથી પરિણામ ન મળ્યું તે પ્રભાતે કરી બતાવ્યું. આર્યનનાં આક્રમક સ્વભાવ ને જે રીતે ધૈર્યથી તેને સંભાળ્યો તે અદ્દભુત હતું. આજે આર્યન સવાલ પૂછતો થયો છે. વારની તેને ખબર પડે છે. નિયમિત પ્રભાતમાં જવું તેની મનગમતી પ્રવૃત્તિ બની ગઇ છે.''

ફળો, શાકભાજી ,ગણતરી વારના નામ તે શીખી શક્યો છે. અને હા ચોક્કસ આર્યનનાં ગુસ્સાની તીવ્રતા હવે ઘટી છે. આ દરમ્યાન તેને મૂર્તિ બનાવવાની મનગમતી પ્રવૃત્તિની જાણ થઇ છે. અને તેથી જ તેને તે કરવા માટે પુરતી સ્પેસ આપવામાં આવે છે. આર્યનનાં આ બદલાવથી તેના પરીવારનાં સભ્યો ખુબ જ ખુશ છે. સંજયભાઈનું કહેવું એ જ છે કે, સ્પેશીયલ બાળકો સાથેનાં વર્તનમાં તેનાં તરફથી અપેક્ષા રાખવાને બદલે આપણે કેવું વર્તન કરીએ છીએ તે જરૂરી છે. તો આપણે બદલવાની જરૂર છે સ્પેશીયલ બાળકને નહિ.

# મંથલી અપડેટ

**આંગણવાડી સાથેનો મજબુત સહયોગ** : પ્રભાત વિશેષ જરૂરિયાતો ધરાવતા બાળકના આંગણવાડીથી શાળા સુધી પહોચવા માટે ચોક્કસ દિશામાં કામ કરી રહ્યું છે. આ માટે આંગણવાડી અને શાળાઓ ખાનગી અને સરકારી એમ બંને સાથે ભારપૂર્વક સેશન યોજવામાં આવી રહ્યા છે. જુલાઈ 2022 માં આંગણવાડી નજીકના વિસ્તારમાં 0-5 વર્ષની વયજૂથના વિકલાંગ બાળકોની ઓળખ કરવા માટે એક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આના ડેટાનો ઉપયોગ એ બતાવવા માટે પણ કરવામાં આવ્યો હતો કે બાળકોના મુખ્ય પ્રવાહ માટે તે કેટલું જરૂરી છે, જેની શરૂઆત આંગણવાડીથી થવી જરૂરી છે. ગયા અંકમાં જણાવ્યા મુજબ, પ્રભાત બેરલ માર્કેટ નજીક એક આંગણવાડીમાં આ પ્રકારની જગ્યા ઉભી કરવા માટે સક્ષમ બન્યું છે, જ્યાં પ્રભાત દ્વારા વિશેષ શિક્ષણ સાથે ફિઝિયોથેરાપીની સેવાઓ આપવામાં આવી રહી છે. આ એક મોટું પગલું છે કારણ કે આ સંસ્થાઓ સરકારી સુવિધાયુક્ત પ્લેસ્કૂલ/પ્રી-સ્કૂલ છે. સર્વે દ્વારા 8 બાળકોની ઓળખ કરવામાં આવી હતી જેમાંથી 4 બાળકો સાથે કામ પણ શરુ થઇ ગયું છે. અહી સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવો )થી લઈને બૌદ્ધિક વિકલાંગતાઓનો સમાવેશ થાય છે.

**બાળ દિવસ**: પ્રભાતમાં, બાળકો દરેક વસ્તુના કેન્દ્રમાં છે ! આ વખતે ટીમે મહિના દરમિયાન બાળકો માટે નાની નાની પણ 'વધારાની' મનોરંજક પ્રવૃત્તિઓ કરવાનું નક્કી કર્યું. રમણીય સુંદરવન (અમદાવાદમાં એક પ્રકૃતિ શોધ કેન્દ્ર) ખાતે ક્લિયર વોટરના સહયોગથી એક અદ્ભુત પેઇન્ટિંગ ઇવેન્ટ સાથે શરૂ થયા બાદ, પ્રભાતનાં યુવા અને ઉર્જાવાન સ્વયંસેવકો દ્વારા ડાન્સ અને પેઇન્ટિંગ શીખવાડવામાં આવી. શિયાળાની ગુલાબી ઠંડીમાં થોડો પણ આકરો નહિ એવો તડકા સાથેની આ આ સમગ્ર પ્રવૃતિ નિશ્ચિતરૂપથી એક આઉટડોર સ્માર્ટ ઇવેન્ટ બની રહી ! તેમના માટે અને અમારા માટે પણ આ મહિનો પાવરપેક રહ્યો છે.

**દિલ સે કાફી કાફે' ની સ્પેસ ડિઝાઇન**: પ્રભાતના વ્યાવસાયિક તાલીમ એકમ (VTU) નો એક ભાગ, કેફે તાલીમ હેઠળ યુવા પુખ્ત વયના લોકો માટે શીખવાની જગ્યા તરીકે કામ કરે છે. પ્રભાતે રિવરસાઇડ સ્કૂલના ગ્રેડ 6 ના વિદ્યાર્થીઓ સાથે મળીને કાફેને મહેમાનો અને મુલાકાતીઓ માટે વધુ આકર્ષક બનાવવા માટે તેને સંપૂર્ણપણે ફરીથી ડિઝાઇન કરી હતી. ગ્રેડ 6ના વિદ્યાર્થીઓએ કેન્દ્રની ઘણી મુલાકાતો કરી. અને તેમની મહેનતને અંતે પ્રભાતની ટીમ અને બાળકોના અનુસંધાનમાં વિકસિત નવી ડિઝાઇન યોજના તૈયાર કરી. આ ડીઝાઇનને હવે ધીરે ધીરે VTU પર અમલમાં આવી રહી છે, તેના અંતિમ ફોટોગ્રાફ્સ ટૂંક સમયમાં રજુ કરશું.

**માતાપિતાની જાગૃતિ અને સંબંધ નિર્માણ વર્કશોપ**: પ્રભાતના માતાપિતાની સાથે સતત એક જોડાણ અને પ્રોત્સાહનની જરૂર હોય છે કારણ કે તેઓ રોજિંદા ધોરણે અનેક મુશ્કેલીઓનો સામનો કરતા હોય છે, આ પ્રોત્સાહન બાળકને ઘરમાં અનુકૂળ વાતાવરણ આપવા માટે પણ જરૂરી છે. આ વર્કશોપ એવા માતા-પિતા સાથે સંવાદ કરવામાં આવે છે જેમણે હમેશા જેમણે પ્રભાતની ટીમમાં તેમને ઘર, સમુદાય વગેરેમાં અસર કરતા અનેક મુદ્દાઓને લઈને સાથે રહ્યા છે. આ માતા-પિતા પ્રભાતની સફરમાં એક કરોડરજ્જુ સમાન રહ્યા છે, તેમના સહયોગથી સમુદાય સ્તરે અનેક કાર્યક્રમો (હસ્તક્ષેપ)ને શરૂ કરી શકાયું છે.. ટીમે બેરલ માર્કેટ દેહલુના માતા-પિતા સાથે અસરકારક વર્કશોપનું આયોજન ખરેખર ખુબ અદ્ભુત અને અસરકારક રહ્યું હતું.

**ક્ષમતા નિર્માણ :** દસરા દ્વારા તેના પુનઃનિર્માણ ભારત સમુદાય માટે એક અસરકારક 4 દિવસીય રેસીડ ન્શીયલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપનો મુખ્ય હેતુ આજનાં સમયમાં વિકાસ ક્ષેત્રે કેટલાક સામાન્ય પડકારોને ઉકેલવા માટે વિચારમંથન સાથે જોડાવવાનો હતો અને સમુદાય આધારિત સંસ્થાઓના પ્રયાસોને સુવ્યવસ્થિત કરવા અને તેમના દ્વારા કરવામાં આવી રહેલા પાયાના સ્તરના કાર્યને વધુ માન્યતા આપવા માટે પ્રાથમિકતા આપવાનો હતો. દસરા વર્કશોપ આયોજિત કરવાની અને તેમના ભાગીદારો સાથે જોડાવવાની તેની સહભાગી અને ડેમોક્રેટિક રીત એમની વિશેષતા છે. આ 4 દિવસ દરમિયાન શીખવાની એક અદ્ભુત યાત્રા રહી હતી. પ્રભાતને આ પ્રકારના વર્કશોપ હમેશા ઉર્જા આપનાર અને દિશા આપનાર બની રહે છે. પ્રભાત એ તેના પુનઃનિર્માણ ભારતના પ્રયાસોના ભાગરૂપે દશરા સાથે ભાગીદારી કરતી સંસ્થાઓમાંની એક છે.

**એક્સેસ ઓડિટ:** વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળક માટે આદર્શ વાતાવરણ શું છે તે દર્શાવવા માટે, પ્રભાતે વિપ્રોની સાથે એસોસિયેશન ફોર પીપલ વિથ ડિસેબિલિટીઝ (APD), બેંગ્લોર દ્વારા નવેમ્બરમાં 2 દિવસમાં એક્સેસ ઓડિટ હાથ ધર્યું હતું. પ્રભાત APD દ્વારા વિગતવાર અહેવાલ આવે તેની રાહ જોઈ રહ્યું છે કારણ કે, આ અહેવાલ પ્રભાતની જગ્યાના પડકારરૂપ સ્થાનો જેમ કે વારંવાર બદલાતી પ્રકૃતિને ધ્યાનમાં લઈને કરી શકાય તેવા ફેરફારો સૂચવશે, જે પછી પ્રભાત આગામી વર્ષ દરમિયાન અમલમાં મૂકવાનો પ્રયત્ન કરશે.

**નવું જોડાણ** : બડી ઈન્ટરએક્શન મોડલ માટે પ્રભાત સાથે ભાગીદારી કરતી અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલ અને એડવોકસી નાં ભાગ રૂપે ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમનો સમાવેશ થયો છે. ગુજરાત યુનિવર્સિટીના ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ સમુદાયમાં બે જગ્યાએ -એક દેહલુ અને પ્રભાત સેન્ટરમાં આ હેતુ માટે જાગરૂકતા લાવવા માટે એક કાલ્પનિક કઠપૂતળીનો કાર્યક્રમ (પપેટ શો ). વિદ્યાર્થીઓ દ્વારા કઠપૂતળીઓ બનાવવામાં આવી હતી જેઓ સૌપ્રથમ સમુદાયને સમજે છે અને તેઓ વિકલાંગ બાળક સાથે કેવી રીતે વર્તે છે. તે વિદ્યાર્થીઓ દ્વારા એક અસરકારક પ્રદર્શન હતું. આ સહયોગ પ્રભાતના એડવોકસીનાં દુરંદેશી વિઝનમાં મુખ્ય ભૂમિકા ભજવે છે જેમાં મોટા સમાજ સુધી પહોંચવું અને વધુ જાગૃત અને સ્વીકાર્ય વિશ્વનું નિર્માણ કરવાનો સમાવેશ થાય છે.

**સંશોધન:** પ્રભાત 14 વર્ષથી સમુદાયમાં કામ કરી રહ્યું છે, જેમાંથી અનેક શીખ, પડકારો અને અસંખ્ય પરિણામો સામે આવ્યા છે. જેમાંથી અમુકને જોઈ શકાય છે તો અમુક ગર્ભિત છે. આ અસરો અને પરિણામોને સમજવાના પ્રયાસરૂપે, પ્રભાત પ્રાથમિક અને ગૌણ માહિતી સંગ્રહને સમાવીને ઊંડાણપૂર્વકનું સંશોધન કરી રહ્યું છે. જે ટૂંક સમયમાં પ્રભાત સમુદાય સમક્ષ પ્રસ્તુત કરશે. આ અભ્યાસ સંસ્થા માટે આત્મનિરીક્ષણ કરવા ,વ્યૂહરચના ઘડવા અને ભવિષ્યની કાર્યવાહી માટે યોજના ઘડવા માટે પણ મહત્વપર્ણ સાબિત થશે.

**નેટવર્કિંગ**: પ્રભાતને શ્રી પવન બકેરીના નિવાસસ્થાને નેટવર્કિંગ ડિનર માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું, જ્યાં તેઓ અન્ય સંસ્થાઓ સાથે મુલાકાત અને પરિચય થયો. જે નેટવર્કિંગ માટે ઉપયોગી બન્યું. રાત્રિભોજન માટેની મીઠાઈઓ પ્રભાતના બાળકો દ્વારા નિષ્ણાતો અને વિશેષ શિક્ષકોની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ હતું. VTU માં વિદ્યાર્થીઓ માટે આ એક સારો શીખવાનો અનુભવ રહ્યો

**બોર્ડ મીટિંગ**: પ્રભાત તેના ટ્રસ્ટી મંડળ માટે હમેશા ગર્વ અનુભવે છે અને તેમના માર્ગદર્શન અને દિશાસૂચન માટે હમેશા તૈયાર હોય છે અને તેના અવસરોની રાહ પણ જુએ છે. એવો જ એક અવસર આ મહીને બન્યો હતો. જેમાં સેટેલાઇટ ઓફિસમાં તમામ ટ્રસ્ટીઓની ટીમને રૂબરૂ મળવાનો એ અદ્ભુત સમય હતો. પ્રભાતના ટ્રસ્ટી મંડળમાં પ્રો. અશોક ચેટર્જી, સુશ્રી રેણુ સેઠ, શ્રી ગીત સેઠી, શ્રીધર રાજગોપાલન, સુશ્રી હસ્યલતા મહેતા અને શ્રી કેશવ ચેટર્જી છે.

# ફોટો ગેલરી








## દિવ્યાંગ બાળકો માટે 'પહલ નઈ સોચ કી' નાટ્યની પ્રસ્તુતિ કરાઇ

અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા દિવ્યાંગ બાળકો માટે પ્રભાત ફાઉન્ડેશનના સહયોગથી કઠપૂતળી નાટ્યદર્શન 'પહલ નઈ સોચ કી' પ્રસ્તુત કરવામાં આવ્યું. આ કઠપૂતળી દ્વારા દિવ્યાંગ બાળકોને સમાજ તરફથી તરછોડી દેવામાં આવતી સ્થિતિને વર્ણવવામાં આવી હતી. જેમાં એક દિવ્યાંગ બાળકના પેરેન્ટ્સ તેની સારવાર માટે ભૂવા અને દોરા-ધાગા કરે છે જેથી તે દિવ્યાંગ બાળકને કેવી તકલીફો વેઠવી પડે છે, તે વાતને કઠપૂતળી દ્વારા રજૂ કરવામાં આવી હતી. વટવાના બીબીપુરા તળાવ પાસે આ કઠપૂતળી નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. આ કઠપૂતળી નાટકના પર્ફોર્મન્સ માટે વિદ્યાર્થીઓ માટે કઠપૂતળી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપને રમેશભાઈ દ્વારા કંડક્ટ કરવામાં આવ્યું હતું તેમજ આ નાટકને આનંદ પારેખ દ્વારા ડિરેક્ટ કરવામાં આવ્યું હતું.










**Prabhat Education Foundation**
A-4, Sujal apartment
Opp. Satellite bungalow
Ramdevnagar
Ahmedabad 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org